ત્રણ દિવસમાં કોરોના પાંચ દર્દીઓને ભરખી ગયો પણ સરકારી ચોપડે ‘‘શૂન્ય’’..!!

મોડાસાની કોવીડ હોસ્પિટલમાં મોતનો સિલસિલો યથાવત

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લામાં છેલ્લા થોડા દિવસોથી કોરોનાનો કહેર ઘટતા દરે હોય તેમ જીલ્લા આરોગ્યતંત્ર બે કે ત્રણ કેસ પોઝેટીવ હોવાનું જાહેર કરી રહી છે. રાજય સરકાર અરવલ્લી જીલ્લામાં ૫ થી ૭ કેસ હોવાનું તેના બુલેટિનમાં જાહેર કરી રહી છે રાજય સરકારના ચોપડે ૬૦૦ થી વધુ કેસ નોંધાયા છે બીજી બાજુ જીલ્લા આરોગ્ય તંત્ર ૫૦૦ની આસપાસ કોરોનાના દર્દીઓ નોંધાયાનું ગાણું ગાઈ રહી છે. આરોગય વિભાગના સૂત્રો પાસેથી પ્રાપ્ત થયેલી માહિતી અનુસાર મોડાસા શહેરમાં આવેલી કોવીડ હોસ્પિટલમાં મોતનો સિલસિલો યથાવત રહ્યો છે. છેલ્લા ત્રણ દિવસમાં કોવીડ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા ૫ લોકોનું મોત નિપજતા લોકોમાં ફફડાટ ફેલાયો છે. મોડાસામાં શહેરીજનો અને મુલાકાતિઓની બેફિકરાઈભર્યાં વર્તનના પગલે શહેરમાં સતત કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે.

પરંતુ સવાલ અહિં એ ઉભો થાય છે કે સરકારી ચોપડે ત્રણ દિવસમાં એક પણ દર્દીનું કોરોનાનાં કારણે મોત થયું નથી તો શું કોવિડ હોસ્પિટલમાં મોત નિપજેલ તમામ દર્દીઓ કોરોના પોઝિટિવ ન હતા. અને જો આ ૫ દર્દીઓના મોત થયા છે તેઓ કોવિડ હોસ્પિટલમાં કઈ બીમારીની સારવાર લઈ રહ્યા હતા. સૌથી મોટો પ્રશ્ન એ છે કે, શું હવે રાજ્યમાં અને અરવલ્લી જીલ્લામાં કોરોનાથી મોત થયેલ દર્દીઓના આંકડાઓ સાથે ગોલમાલ કરવામાં આવી રહ્યો છે.

અરવલ્લી જીલ્લામાં સરકારી ચોપડે કોરોના સંક્રમણની શ્રુંખલા તૂટી હોવાનો આભાસ આરોગ્ય તંત્ર કરી રહ્યું હોવાનું જાગૃત નાગરિકો અહેસાસ અનુભવી રહ્યા છે બીજીબાજુ સરકારે માસ્ક નહિ પહેરનાર સામે ૧ હજાર રૂપિયા દંડના નક્કી કરી દીધા હોવાથી નગરપાલિકાતંત્ર અને પોલીસતંત્ર માસ્ક વગરના લોકો સામે ઘર્ષણના બનાવો બનતા હોવાથી તેમની સામે દંડનીય કાર્યવાહી કરવાની બંધ કરી દીધા બરોબર હોવાથી મોટા ભાગના વેપારીઓ, ફેરિયાઓ અને લોકો હવે માસ્ક પહેરવાનું જ છોડી દેતા આગામી સમયમાં કોરોનાનું વિકરાળ સ્વરૂપ જોવા મળી શકે છે.

વડગામની ઈકબાલગઢ દૂધ મંડળીના મંત્રીએ ઝેર ગટગટાવી આપઘાતનો પ્રયાસ કરતાં ચકચાર

બનાસડેરીની ચૂંટણીમાં વોટ માટે મંત્રી પર પ્રેશર કરાતું હોવાની સુ-સાઇટ નોટ મળી આવી

વડગામ

વડગામની ઈકબાલગઢ દૂધ મંડળીના મંત્રીએ ગુરૂવારે ઝેર ગટગટાવી આપઘાતનો પ્રયાસ કરતાં ચકચાર મચી જવા પામી છે.

ઈકબાલગઢ ડેરીના મંત્રી ઉપર બનાસડેરીના કેટલાક કર્મચારીઓ તથા બનાસડેરીના એક ડીરેકટર દ્વારા ચૂંટણીમાં વોટ માટે દબાણ કરવામાં આવતું હોઈ માનસિક રીતે પરેશાન થઈ જતાં આ પગલું ભર્યુ હોવાના આક્ષેપ સાથે ની સુસાઈટ નોટ મળી આવી હતી. આ અંગે મંત્રીના ભાઈ દ્વારા વડગામ પોલીસ મથકે ફરિયાદ નોંધાવવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

ઉત્તર ગુજરાતની બનાસ બનાસ ડેરી પર કબ્જો જમાવવા માટે વડગામ બેઠકમાં ભાજપના જ ત્રણ -ત્રણ દિગ્ગજો મેદાનમાં ઉતર્યા છે. ત્યારે મંગળવારે ૧૬ પૈકી ૯ બેઠકો શંકર ચૌધરીના સમર્થનમાં બિન હરીફ થતાં તેમનો દબદબો યથાવત જોવા મળ્યો છે. હવે ૭ બેઠકો પર સૌની નજર મંડાયેલી છે. ત્યારે વડગામ તાલુકાના ઈકબાલગઢ દૂધ મંડળીના મંત્રીએ ઝેર પી આપઘાતનો પ્રયાસ કરતા ખળભળાટ મચી ગયો છે. વડગામ બેઠક પર ચૂંટણી લડી રહેલા ઉમેદવાર દિનેશ ભટોળને વોટ અપાવવા મંત્રી પર દબાણના ગ્રામજનોના આક્ષેપ છે.

સૂત્રોએ જણાવ્યુ હતુ કે, દૂધ મંડળીના મંત્રી લવજીભાઈ કરશનભાઈ ચૌધરીએ ઝેર પી આપઘાતનો પ્રયાસ કર્યો છે. તેઓ પાલનપુરની ખાનગી આઈસીયુમાં સારવાર હેઠળ છે. મંત્રીએ આપઘાતના પ્રયાસ પહેલા સુસાઈડ નોટ લખી હતી. બનાસ ડેરીની દાંતા, અમીરગઢ, દાંતીવાડા, ધાનેરા, વાવ, રાધનપુર, સુઈગામ અને સાંતલપુર લાખણીની બેઠક ઉપર એક એક ઉમેદવારે ફોર્મ રજૂ કરતાં આ બેઠકો બિન હરીફ થઈ છે. જેથી શંકરભાઈ માટે ચેરમેન પદનો રસ્તો ફરી એકવાર ખુલી ગયો છે. હવે બાકીની ૭ બેઠકો માટે ૨૮ ઉમેદવાર મેદાનમાં છે. તેમાં વડગામની ચૂંટણી ભારે રસકસીભરી અને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગઈ છે.

સુસાઇટ નોટમાં શુ લખ્યુ છે ?

ઈકબાલગઢ દૂધ મંડળીના મંત્રી લવજીભાઈ કરશનભાઈ ચૌધરીએ ગુરૂવારે ઝેર ગટગટાવી આપઘાતનો પ્રયાસ કરતાં ચકચાર મચી જવા પામી છે. જેમણે ત્રણ પાનાની સુસાઈટ નોટમાં આક્ષેપો કરતાં એવું જણાવ્યું છે કે, બનાસડેરીના કેટલાક સત્તાધીશો દ્વારા બનાસડેરીની ચૂંટણીમાં વોટ માટે પગાર બંધ કરી દેવાની, દાણ બંધ કરી દેવાની અને અન્ય બાબતોની ધમકીઓ અપાઈ રહી છે.

તલોદમાં ખેડૂતોના પ્રશ્ને કોંગ્રેસની રેલી, કાર્યકરોની અટકાયત

તલોદ, તા. ૨

તલોદનગરમાં તાજેતરમાં તાલુકા કોંગ્રેસ સમિતિના ઉપકમે એક રેલીનું આયોજન કરવામાં આવ્યું તથા મામલતદારને આવેદનપત્ર પાઠવવામાં આવ્યુ હતુ. જોકે રેલી ટાવર પાસે સુભાષચોકમાંથી પ્રસ્થાન પામે તે અગાઉ તલોદ પોલીસના કાફલા સાથે ટીમે કોંગ્રેસી કાર્યકરોની અટકાયત કરી લીધી હતી. જ્યારે બીજી બાજુ કોંગ્રેસના પીઠ કાર્યકર અને પૂર્વ પાલિકાના પ્રમુખ રંગુસિંહ સોલંકીના આગેવાની હેઠળ કાર્યકરોની મોટી સંખ્યામાં મામલતદાર કચેરીએ પહોંચી હતી. જ્યાં તેઓએ ખેડૂતોના પ્રશ્નો અંગે અનેક ચર્ચાઓ કરી સરકારના જોહુકમી કાર્યો અંગે સુત્રોચ્ચાર કરી આવેદનપત્ર પાઠવ્યા હતા.

અત્યારે ચાલુ વર્ષે જિલ્લામાં સૌથી વધુ વરસાદ તલોદ તાલુકામાં ૪૨ ઈંચ જેટલો ખાબકતા અનેક ખેત પેદાશોને નુકશાન પહોચ્યુ હતુ જેથી ગરીબ નાના-મોટા ખેડૂતોની હાલત પણ કફોડી બની હતી. આમ છતાં રાજ્ય સરકારે ખેડૂતોના પાકો નિષ્ફળ જતા સહાયના પેકેજમાં તલોદ તાલુકાને અન્યાય કરી બાકાત પણ રાખવામાં આવ્યો હતો જેથી આ પંથકના ખેડૂતો પ્રત્યે ઓરમાયુ વર્તન પણ સરકાર રાખી રહી હોય તેવું માનવામાં આવે છે. ખેડૂતોના આ ગંભીર સમસ્યા અંગે કોંગ્રેસ દ્વારા રેલીનું આયોજન કરી આ તાલુકાનો સહાયમાં સમાવેશ કરી ખેડૂતોના જાહેરહિત માટે માંગણીઓ પણ કરાઈ હતી.

કેન્દ્રની સરકારે સાંસદ ગૃહમાં પાસ કરેલા ખેડૂત બિલ વિરોધી નિતીનો ભાગ હોવાની દાવો કરી કોંગ્રેસ સમિતિના સુચનાથી આજે અહિ સુત્રોચ્ચાર કરી દેખાવો દ્વારા વિરોધ પ્રદર્શન કર્યા હતા. આ દેખાવોમાં પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાની રાહબરીમાં અને રંગુસિંહ સોલંકીના નેતૃત્વમાં અસંખ્ય કોંગ્રેસ કાર્યકરો જોડાઈ જતા આ રેલીનું આયોજન કરાયુ હતુ. રેલીમાં પ્લેકાર્ડ સાથે મામલતદાર કચેરી જવા નિકળવાની હતી આયોજન પૂર્વ તલોદ પીએસઆઈ જી. એચ. ગૌસ્વામી પોતાની ટીમ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા જ્યાં અનેક કાર્યકરોની અટકાયત કરી શાંતિ માહોલ સર્જ્યો હતો થોડાક સમય બાદ તમામ કાર્યકરોને છોડી મુકયા હતા.

પ્રાંતિજ ખાતે ધરતી પુત્ર કિસાન ટ્રસ્ટ દ્વારા પ્રાંતિજ મામલતદારને આવેદનપત્ર આપ્યુ

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે ધરતી પુત્ર કિસાન ટ્રસ્ટ દ્વારા પ્રાંતિજ મામલતદાર એચ.પી. ભગોરાને આવેદનપત્ર આપીને પ્રાંતિજ તાલુકાને સહાય યોજનામાં સમાવેશ કરવા રજુઆત કરવામાં આવી.



પ્રાંતિજ ખાતે ધરતીપુત્ર કિસાન ટ્રસ્ટ દ્વારા આજે પ્રાંતિજ મામલતદાર કચેરી ખાતે આવીને પ્રાંતિજ મામલતદાર એચ.પી. ભગોરાને આવેદનપત્ર આપીને પ્રાંતિજ તાલુકાને સરકાર દ્વારા જાહેર કરેલ સહાય યોજનામાં સમાવેશ ના કરતા આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું અને આવેદનપત્ર પાઠવીને પ્રાંતિજ સહિત તાલુકાને સહાય પેકેજની યોજનામાં સમાવેશ કરવા અપીલ કરી હતી. પ્રાંતિજ સહિત તાલુકામાં મોટા ભાગે શાકભાજી પકવતા ખેડૂતોને અતિવૃષ્ટિને લઈને આ વર્ષે પાક નિષ્ફળ તથા મોટુ નૂકશાન થયું છે ત્યારે સરકાર દ્વારા પ્રાંતિજ તાલુકાનો સમાવેશ ના કરી પ્રાંતિજ તાલુકાના ધરતીપુત્રોને અન્યાય કર્યો છે જેને લઈને પ્રાંતિજ ખાતે કાર્યરત ધરતીપુત્ર કિસાન ટ્રસ્ટ દ્વારા આજે પ્રાંતિજ મામલતદાર એચ.પી. ભગોરાને આવેદનપત્ર આપીને સરકાર દ્વારા પ્રાંતિજ તાલુકાને સમાવેશ કરવામાં આવે તે માટે રજુઆતો કરવામાં આવી હતી.

અંબાજી મંદિરને ભક્તે એક કિલો સોનું દાન કર્યું

કોરોનાની કપરી સ્થિતિ ચાલી રહી છે ત્યારે અંબાજીમાં આજે આવેલું સોનાનું દાન આ વર્ષનું સૌથી મોટું દાન માનવામાં આવી રહ્યું છે. પોતાનું નામ ગુપ્ત રાખી ૧. ૨૬૯ કિલોગ્રામ સોનું જે દાતાએ ભેટ કર્યું છે અગાઉ એક કિલો સોનું માતાજીના મંદિરને સુવર્ણમય બનાવવાની કામગીરી માટે અર્પણ કર્યું હતું.

ધાનેરામાં ધરણા પૂર્વે જ કોંગેસ કાર્યકરોની ધરપકડ

કૃષિ બિલ, શિક્ષણ ફી માફી સહિતના મુદ્દે કોંગ્રેસનો વિરોધ

ધાનેરામાં શુક્રવારે કૃષિ બિલ, શિક્ષણ ફી માફી સહિતના મુદ્દે કોંગ્રેસ વિરોધ કરે તે પહેલાં જ કાર્યકર્તાઓની અટકાયત કરવામાં આવી હતી. કોંગ્રેસ દ્વારા બસ સ્ટેન્ડ પાસે રેલી સ્વરૂપે આવી ધરણા યોજવાનો કાર્યક્રમ હતો. જોકે કોંગ્રેસના કાર્યકરો રેલી કાઢી વિરોધ કરે તે પહેલા જ પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી.

બનાસકાંઠા જીલ્લાના ધાનેરામાં પોલીસે વિરોધ કરી રહેલા કોંગ્રેસી કાર્યકર્તાઓની અટકાયત કરી છે. કોંગ્રેસ દ્વારા આજે કૃષિ બિલ અને ૫૦ ટકા શિક્ષણ ફી માફ કરવા મુદ્દે વિરોધ પ્રદર્શન કરવાનું આયોજન હતુ. જેમાં કાર્યકરો બસ સ્ટેન્ડ પાસેથી રેલી સ્વરૂપે આવી ધરણાં યોજે તે પહેલા જ પોલીસે ૨૦ જેટલા કોંગ્રેસ કાર્યકરોની અટકાયત કરી છે. જેમને પાછળથી છોડી દેવાયા હતા.

પ્રાંતિજ વોર્ડ નં. ૪ના કોંગ્રેસના મહિલા કોર્પોરેટરે પરિવારની મુલાકાત લીધી

અજાણ્યા ઇસમો દ્વારા ગાડી સળગાવવામાં આવી હતી, ગુનેગાર કોઇપણ હોય તેણે પકડીને સજા કરવા પ્રાંતિજ પોલીસને અપીલ કરી

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજના પાડાની પોળ ખાતે રાત્રીના સમયે કોઈ અજાણ્યા ઈસમો દ્વારા ખડકી આગળ પાર્ક કરેલ કારને રાત્રી દરમ્યાન આગળ સળગાવી દેતા એન્જીન સહિત લાઇટો વાયરીંગ બળીને આગમાં સ્વાહા થઈ ગયું હતું. કારમાલિકને મોટુ નૂકશાન થયું છે, ઘટનાની જાણ થતા મહિલા કોર્પોરેટરે પરિવારની મુલાકાત લીધી હતી.

પ્રાંતિજના વોર્ડ નંબર-૪ પાડાની પોળ ખાતે રાત્રીના સમયે કોઈ અજાણ્યા ઈસમો દ્વારા ખડકી આગળ પાર્ક કરેલ કારને રાત્રી દરમ્યાન આગળ સળગાવી દેતા એન્જીન સહિત લાઇટો વાયરીંગ બળીને આગમાં સ્વાહા થઈ ગયું હતું. કાર માલિક રાઠોડ કિરણભાઈ પ્રકાશભાઈને મોટુ નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે. આજ વિસ્તારમાં કાર ચોરી તથા કારને નુકશાન કરવાના બનાવો અનેક વાર બન્યા છે. કારમાલિક રાઠોડ કિરણભાઈની કારને બીજીવાર આગચંપી કરવામાં આવી છે, આ વખતે કારનો આગળનો ભાગ બળીને ભથ્થું થઈ ગયું હતું અને મોટુ નુકસાન સહન કરવાનો વારો આવ્યો છે ત્યારે આ વિસ્તારના વોર્ડ નંબર-૪ના કોંગ્રેસના મહિલા કોર્પોરેટર દિપ્તીબેન બ્રહ્મભટ્ટ તથા તેવોના પતિ હાર્દિકભાઈ બ્રહ્મભટ્ટ દ્વારા પાડાની પોળ સ્થળ ઉપર જઈને પરિવારને સાત્વના આપ્યું હતું અને પ્રાંતિજ પોલીસને પણ અપીલ કરી છે કે ગુનેગાર ગમે તે હોય પણ તેને પકડીને કડકમાં કડક સજા થાય અને આ વિસ્તારમાં અવારનવાર બનતી ઘટનાને લઈને રાત્રીના સમયે પોલીસ પેટ્રોલીંગ ચુસ્ત કરવામા આવે તેવી પ્રાંતિજ પોલીસને પણ અપીલ કરી છે.

સરકારી શાળાના આચાર્યા શ્રીમતી કલ્પનાબેન રાઠોડને રાજ્યકક્ષાના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડથી સન્માનિત કરાયા

લક્ષ્મીપુરા સરકારી પ્રાથમિક શાળા સ્ત્રી સશક્તિકરણનું ઉત્તમ ઉદાહરણ : શાળાનો તમામ સ્ટાફ મહિલાઓ છે : વિદ્યાર્થીઓમાં કુમારની સરખામણીએ કન્યાઓની સંખ્યા વધુ છે

બનાસકાંઠા જિલ્લો શિક્ષણ સહિત તમામ ક્ષેત્રોમાં ખુબ ઝડપથી આગળ વધી રહ્યો છે. બનાસકાંઠા જિલ્લા માટે ગૌરવના સમાચાર છે કે પાલનપુરના શહેર નજીક આવેલ લક્ષ્મીપુરા તાલુકા શાળાના એચ-ટાટ આચાર્ય તરીકે ફરજ બજાવતાં શ્રીમતી કલ્પનાબેન અમરસિંહ રાઠોડને ગઈ તા.૫ મી સપ્ટેમ્બર-૨૦૨૦, શિક્ષક દિન નિમિત્તે રાજયપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી તથા શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે રાજયકક્ષાના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. બહેન કલ્પનાબેન રાઠોડે ૩૧ વર્ષ ૬ માસની કુલ નોકરીમાં ૨૩ વર્ષ ૬ માસ શિક્ષક તરીકે બજાવેલ ફરજમાં વિવિધ તાલીમના તજજ્ઞ, પ્રશ્નપત્ર નિર્માણ, વિવિધ સ્પર્ધાઓ અને બાહ્ય પરીક્ષાઓના માર્ગદર્શક, સારા વક્તા, ક્રિયાત્મક સંશોધક, વિદ્યાર્થીઓના આદર્શ અને પ્રિય શિક્ષક, મોડ્યુલ લેખક, બાળકેન્દ્રી શિક્ષણ કાર્ય કરનાર, શાળાના તથા વિદ્યાર્થીઓના તમામ કાર્યક્રમોમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર, રમત-ગમત, ગણિત-વિજ્ઞાન મેળામાં જિલ્લા સુધી પ્રતિનિધિત્વ સહિત અનેક શ્રેષ્ઠ કામગીરી કરી છે.

કલ્પનાબેન રાઠોડ વર્ષ-૨૦૧૨થી એચ-ટાટ આચાર્ય બન્યા પછી તેઓ શાળા માટે ‘પરિવર્તક’ આચાર્ય સાબિત થયા છે તેમની શાળાએ શૈક્ષણિક, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ, વિવિધ સ્પર્ધાઓ, બાહ્ય પરીક્ષાઓ, વાંચન, ગણન-લેખનમાં શ્રેષ્ઠ સિદ્ધિ હાંસલ કરી છે. સરકારના દરેક કાર્યક્રમોમાં સો ટકા કામગીરી, શાળાની સ્વચ્છતા, સલામતી, સંસ્કાર, નિયમિતતા, કન્યા કેળવણી, વાલીઓ અને ગામ લોકોનો પ્રેમ સંપાદન કરી ગુણોત્સવમાં શાળાને એ પ્લસ ગ્રેડમાં સ્થાન અપાવ્યું છે. સતત બે વર્ષથી પ્રતિભાશાળી બાળકો, એન.એમ.એમ.એસ. પરીક્ષામાં બાળકો મેરીટમાં આવવા, ચિત્ર સ્પર્ધામાં શાળાની વિદ્યાર્થીની જિલ્લામાં પ્રથમ આવી રાજ્યકક્ષાએ પ્રતિનિધિત્વ કર્યુ છે. એકમ કસોટી, ભાષાદીપ, મિશન વિદ્યા, ઘરે શીખીએ અને વિવિધ ઓનલાઈન કામગીરી નિયત સમયગાળામાં કરવામાં આવે છે.

વર્તમાન કોવિડ-૧૯ની પરિસ્થિતિમાં આચાર્યા કલ્પનાબેન રાઠોડનાં માર્ગદર્શન હેઠળ શાળાના શિક્ષકો અને વાલીઓના સહકારથી હોમ લર્નિંગની શ્રેષ્ઠ કામગીરી થઈ રહી છે. આચાર્ય તરીકે તેઓ સમયાંતરે વાલી અને બાળકોની હોમવિઝીટ કરી ખબર-અંતર પૂછી રહ્યા છે. દાતાઓ દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ કીટ, ગણવેશ, બુટ-મોજા, અલ્પાહાર તિથિ ભોજન, નવરાત્રી ઉજવણી, રાષ્ટ્રીય તહેવારો અને અન્ય કાર્યક્રમોની ઉજવણી, ઈનામ વિતરણ અને શાળા વિકાસના કામો સતત થઈ રહ્યા છે. તેમના સતત પ્રયત્નોથી રોટરી ક્લબ ઓફ પાલનપુર ડાયમંડ સિટી દ્વારા ‘હેપ્પી સ્કુલ પ્રોજેક્ટ’ અંતર્ગત તેમની શાળાને દત્તક લઈ વિવિધ કાર્યક્રમો અને સવલતો પુરી પાડવામાં આવી છે. શાળાના આચાર્યા તરીકે તેમને બાળકો, શિક્ષકો અને પોતાના સશક્તિકરણ દ્વારા શાળાને સશક્ત બનાવી છે તેમની શાળા સ્ત્રી સશક્તિકરણનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે શાળાનો સમગ્ર સ્ટાફ મહિલાઓ છે અને કુમારની સરખામણીએ કન્યાઓની સંખ્યા વધુ છે તેઓનું ઈનોવેશન જિલ્લાકક્ષાએ સ્થાન પામી રાજ્યકક્ષાએ પ્રતિનિધિત્વ કર્યું છે તેઓ તાલુકાના શ્રેષ્ઠ ગુણાંકન સાથે ‘પ્રતિભાશાળી’ શિક્ષક જાહેર થયાં છે. તેઓએ શાળાને આંતરિક અને બાહ્ય રીતે સશક્ત બનાવી વાલીઓ અને ગામલોકોમાં શાળાને સન્માનીય સ્થાન પ્રાપ્ત કરાવ્યું છે. ગત વર્ષે ૧૬ બાળકોએ ખાનગી શાળામાંથી તેમની સરકારી શાળામાં પ્રવેશ મેળવ્યો હતો. તેમની શાળાના બાળકો ધોરણ આઠ પછી ધોરણ-૧૦ અને ૧૨માં ટોપર બની રહ્યા છે તથા ખૂબ સારા ગુણ સાથે ઉચ્ચ અભ્યાસ કરી રહ્યા છે. આ શાળામાં ધોરણ-૮ સુધી અભ્યાસ કરેલ વિદ્યાર્થીનીઓએ ગયા વર્ષે મેડીકલમાં પ્રવેશ મેળવ્યો છે અન્ય વિદ્યાર્થીઓ વિવિધ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવી ઉચ્ચ અભ્યાસ કરી રહ્યાં છે. તેઓ એક આચાર્ય તરીકે સહજ, નિખાલસ, નવિનીકરણના આગ્રહી, સ્પષ્ટ અભિગમવાળા, શાળા સમર્પિત, શાળા અને શિક્ષકોના સાચા મિત્ર, પ્રોત્સાહક અને સાચા માર્ગદર્શક બનીને કામગીરી નિભાવી રહ્યાં છે. તેમની આ સફળતાનો શ્રેય તેમના શ્રેષ્ઠ ગુરૂ તેમના માતા અને સમગ્ર શાળા પરિવારને આપે છે. આચાર્યા શ્રીમતી કલ્પનાબેન માને છે કે મારી શાળાના બાળકો અને શાળા પરિવારના સહકાર વગર આ સન્માન શક્ય જ નથી ‘મોર હંમેશા પીંછાથી જ રળિયામણો લાગતો હોય છે એમ મારી શાળા મારા બાળકોથી જ સુંદર-રળીયામણી લાગે છે’.

વડગામ સરકારી તાલુકા પુસ્તકાલય માં ગાધીજીની દ્વિતીય વાર્ષિક ઉજવણી

વડગામ, તા. ૨

વડગામમાં આવેલ સરકારી તાલુકા પુસ્તકાલયમાં ગાંધીજીની દ્વિવાર્ષિક જન્મ જયંતી નિમિત્તે ગાંધીજીના પુસ્તકોનું પ્રદર્શન નાયબ મામલતદાર એમ.એ. સોલંકીના હસ્તે ખુલ્લું મૂકવામાં આવેલ હતું. જે અંતર્ગત ગાંધીજીના પુસ્તકોનું પ્રદર્શન યોજેલ અને વાંચકોએ નિહાળ્યું અને ગાંધીજીના વિચારો વિશે માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમમાં આવેલા દરેક વાચકમિત્રોને માસ્ક વિતરણ કરવામાં આવ્યું અને કોરોના વાયરસની બિમારી વિશે માહિતગાર કરીને સરકારીના આદેશ મુજબ સોશ્યલ ડિસ્ટનીગ જાળવવા તથા માસ્ક ફરજિયાત પહેરવા માટે જણાવ્યું અને છેલ્લે મદદનીશ ગ્રંથપાલે આભારવિધિ કરી હતી.

સાબરકાંઠામાં ટેકાના ભાવે મગફળી વેચવા ૮૬૧ ખેડૂતોએ ઓનલાઈન નોંધણી કરાવી

હિંમતનગર, તા. ૨

રાજ્ય સરકાર દ્વારા ગત વર્ષની જેમ આ વર્ષે પણ ખેડૂતો પાસેથી ટેકાના ભાવે મગફળી ખરીદવાની કરેલી જાહેરાત બાદ ગુરૂવાર તા. ૧ થી ૨૦ ઓક્ટોબર સુધી મગફળી વેચવા માંગતા ખેડૂતોની ઓનલાઈન નોંધણી કરવાનુ શરૂ કર્યુ છે. ત્યારે જિલ્લામાં એક જ દિવસમાં લગભગ ૮૬૧ ખેડૂતોએ ટેકાના ભાવે મગફળી વેચવા માટે રસ દાખવીને નોંધણી કરાવી છે. જેમાં સૌથી વધુ ઈડર તાલુકાના ખેડૂતો છે.

ડીસામાં રક્તદાન દિવસ નિમિત્તે રક્તદાન કેમ્પ

સમગ્ર વિશ્વમાં પહેલી ઓક્ટોબર સ્વૈચ્છિક રક્તદાન દિવસ તરીકે ઉજવાય છે. જે નિમિત્તે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ડીસા અને ગાંધી-લિંકન હોસ્પિટલ ડીસા દ્વારા થેલેસીમિયાના દર્દથી પીડાતા જરૂરિયાતમંદ દર્દીઓને રક્ત પુરૂ પાડવાના ઉમદા આશયથી રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રક્તદાન કેમ્પમાં ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના ચેરમેન અરૂણભાઈ કડેલ, ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી ડીસાના સેક્રેટરી બળદેવભાઈ રાયકા, ભણશાલી હોસ્પિટલના સર્જન ડોક્ટર જગદીશભાઈ સોની, સુહાસભાઈ પટેલ, પૂર્વ પ્રમુખ ભરતભાઈ શાહ, રાજુભાઈ ઠક્કર, ચંદુભાઈ એડીડી, દેવેન્દ્રભાઈ રાજપુત, મહેશભાઈ મનવર, લલિતભાઈ દોશી, મુકેશભાઈ પટેલ તેમજ રેડક્રોસ સોસાયટીના અન્ય સક્રિય સભ્ય, ભણસાલી ટ્રસ્ટ હોસ્પિટલ તમામ સભ્યોએ હાજર રહી કેમ્પને સફળ બનાવ્યો હતો.